સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

સલામી સવારની..

'સીટ'નું મારણ પછી 'સિંહો' ને ફસાવી દીધા,
વટલાવ્યા પછી, 'મોટા થા' કહી પટાવી લીધા !
મિટાવી દીધી ઓળખ ને સમાયા સમુદ્રમાં -
ચાણક્ય બન્યા બબૂચક લોક હસાવી દીધા !

હાઈકુ

ન રહી શક્તિ,
અને ન રહ્યા સિંહ -
પૂર્યા પાંજરે...
(પક્ષ પલ્ટુઓ...)

વાઘ, બકરી -
રીંગ માસ્ટર બી કે
કરો સર્કસ
(જોડાયા સર્કસમાં)

ચિંતન

सर्वदा सुखदुःखभ्या नरः प्रत्यवरुध्यते ।
शरीरं पुण्यपापाभ्यामुत्पन्नं सुखदुःखवत् ॥

ઉપરોક્ત શ્લોક અયોધ્યાકાંડમાંથી લેવામાં આવેલ છે.

મનુષ્ય હંમેશા સુખ અને દુઃખથી ઘેરાયેલો રહે છે કારણ કે મનુષ્ય-શરીર પાપ અને પુણ્યના મેળથી ઉત્પન્ન થવાને લીધે સુખ-દુઃખમય જ છે.

સુખ-દુઃખ, આરોગ્ય, તંદુરસ્તી બિમારી, અમીરી-ગરીબી, સંબંધો-વિચ્છેદો આ બધું જ આપણા અનેક પૂર્વજન્મોનું પરિણામ છે, જ્યારે સત્કર્મોનું પરિણામ ભોગવીએ છીએ ત્યારે સુખ અને આનંદનો અનુભવ થાય છે.

જ્યારે પાપકર્મોનું પરિણામ ભોગવીએ ત્યારે દુઃખ અને આપત્તિઓનો અનુભવ થાય છે.

સુવિચાર

- જો તમે બીજા કોઈને નડશો નહીં તો એ પણ સમાજની મોટી સેવા બની રહેશે - **બોધિવૃદ્ધ**
- વિયોગમાં તમારે રડવું ન હોય તો, સંયોગમાં હસવાનું મુલત્વી રાખવું - **આચાર્ય વિજય સુંદરજી**
- ચેતના સ્વયં જ ઉત્પન્ન થાય ત્યારે આત્મજ્ઞાનની પ્રાપ્તિ નિશ્ચિત બને છે - **શ્રી શ્રી રવિશંકર**
- ભજન કરવું, પ્રાર્થના કરવી, યજ્ઞ કરવો, આ બધા જ કૃતજ્ઞતા જ્ઞાપનના પદાર્થો છે - **ચિંતન સૂત્ર**
- મંદિર પરની ધજાની માફક મનને સુખ દુઃખમાં સ્થિર રાખવું કે ફરકતું રાખવું એ વ્યક્તિગત અનુભૂતિ પર આધારિત છે - **મોરારિ બાપુ**
- જયાં સુધી તમે શાસ્ત્રની વાત નહીં માનો ત્યાં સુધી શસ્ત્રની ઉપયોગીતા બની રહેશે - **મુંબઈ સમાચાર**
- આજનું ઔષધ : સાઈટીકામાં સવારે નરણે કોઠે એક કે બે કેળા એકવીસ દિવસ ખાવાથી દુઃખાવો મટે છે.

(સંકલન : દિપક વી. આશરા)

બોધકથા

એક ગામમાં એક અજાણ્યા ભાઈએ જોયું તો ગામમાં જેટલા પણ કૂતરા હતા એમાં કોઈકનો કાન કરડી ખાધો હોય એવો, કોઈને પૂછડે બટકું ભરાયું હોય, કોઈને પીઠ પર દાંત વાગ્યા હોય, કોઈકના માથામાંથી લોહી ટપકતું હોય...

ટૂંકમાં એકેય કૂતરું સાજું-સારું નહીં. દરેક શેરીના કૂતરા ઘવાયેલા હતા. એમનાથી રહેવાયું નહીં એટલે એમણે ગામવાળાને પૂછ્યું. 'આ ગામમાં કૂતરા કેમ આવા છે?' ગ્રામવાસીએ જવાબ આપ્યો... 'ચાર પાંચ મહિનાથી અમારા સરપંચ કૂતરાને રોટલા નાખે છે એટલે...' પેલાભાઈએ કહ્યું, 'રોટલા નાખતા હોય તો કૂતરા તાજા માજા થાય તો પછી આવું કેમ?'

ગ્રામવાસીએ કહ્યું, 'સરપંચ વીસ-બાવીસ કૂતરા ભેગા કરીને એમની વચ્ચે બે રોટલી નાખે છે એટલે કૂતરા અંદરોઅંદર બાઝી-બાઝીને અધમૂવા થઈ જાય છે.'

(નોંધ : ચૂંટણી આવે છે, જનતાએ આ વાર્તા યાદ રાખવા જેવી છે.)

યુપીના પરિણામોને ભાજપ વટાવશે જ...

તંત્રીસ્થાનેથી...

ઉત્તરપ્રદેશની સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં ભગવો લહેરાયો તે એના શહેરી વિસ્તારોમાં હજી સુધી ભારતીય જનતા પાર્ટીનો પ્રભાવ અકબંધ છે એની પ્રતીતિ ગણાય. આમાં કશું નવું નથી. રાજય સરકાર જે પાર્ટીની બને એને અનુરુપ જ સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓનાં પરિણામ આવતાં હોય છે. આખરે ખરી સત્તા તો રાજય સરકાર પાસે હોય છે એટલે પ્રજાજનો પણ બહુ જ ગણતરીપૂર્વક નગરપાલિકા જેવી સંસ્થાઓમાં એને અનુકૂળ હોય એવા કાર્યકરોને બેસાડવામાં શાણપણ સમજતા હોય છે. આથી ઉત્તરપ્રદેશની વિધાનસભાની ચૂંટણીમાં ભગવો લહેરાયા પછી રાજયની મોટા ભાગની નગરપાલિકાઓ ભાજપ કબજે કરે તો એ કોઈ વિશેષ ચમત્કાર નથી પરંતુ પ્રજા દ્વારા પોતાની સુવિધાઓ સચવાય એ હેતુથી લેવાયેલ ડહાપણભર્યું પગલું જ ગણાશે. એ જુદી વાત છે કે ભાજપના સ્ટાર પ્રચારકો એ ગૌણ બાબતને મોટી બનાવી ગુજરાતની ચૂંટણી સંદર્ભે વટાવી ખાવાનો પ્રયાસ કરશે. પરંતુ ગુજરાતને યોગી આદિત્યનાથ બ્રાન્ડ મુખ્યમંત્રી કયારેક અનુકૂળ ન જ આવે તેની પણ ભાજપના રાષ્ટ્રીય અને પ્રાદેશિક નેતાઓને ખાતરી હોય જ. નગરપાલિકા અને મહાનગરપાલિકાની ચૂંટણી જે તે પ્રદેશની વિધાનસભાની ચૂંટણીની સાથે અથવા એથી થોડી વહેલી આવી હોય તો જરૂર પ્રજામત અને લોકમિજાજનો એનાં પરિણામોમાં પણ પડઘો પડી શકે. ભાજપ ગુજરાતની આ ચૂંટણીને રાષ્ટ્રીય કક્ષાનું મહત્ત્વ આપે છે એટલે એ જરૂર આગામી લોકસભાની ચૂંટણીનો પૂર્વાભાસ બની રહેશે. કોંગ્રેસે પણ એની તમામ તાકાત આ ચૂંટણી જીતવા પાછળ લગાવી દઈએ ભાજપ તથા ખુદ વડાપ્રધાન સામે પડકાર ઊભો કર્યો છે. આથી નાની મોટી બાબતોને હાઈલાઈટ કરવામાં ભાજપના 'સ્ટારપ્રચારકો' તરીકે ઓળખાતા ફાસફુસિયા નેતાઓ જરા પણ વિલંબ કરતા નથી. અમેઠીની નગરપાલિકામાં ભાજપનું વર્ચસ્વ સ્થપાયું તે રાહુલ ગાંધીના ઓસરી રહેલા પ્રભાવનું પરિણામ થોડું છે? રાહુલને થોડી નવરાશ હતી અમેઠીની નાગરપાલિકાની ચૂંટણીમાં રસ લેવાની? એ રાષ્ટ્રીય નેતા છે એટલે રાષ્ટ્રીય સ્તરના રાજકારણમાં જ સંડોવાવાનું પસંદ કરશે. શું વડનગરમાં કોંગ્રેસનો કાર્યકર નગરપાલિકામાં ચૂંટાઈ જાય તો એને વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં વળતાં પાણી ગણીશું? જો એમ જ હોય તો મહેસાણા સહિત ઘણી જિલ્લા પંચાયતો કોંગ્રેસે કબજે કરેલી જ છે. પરંતુ સ્થાનિક અને રાજય કે રાષ્ટ્રીય સ્તરની ચૂંટણીઓના મુદ્દા પણ અલગ હોય છે અને એમાં થતા મતદાનની પેટર્ન પણ બદલાતી રહે છે. આથી ભારતીય જનતા પાર્ટીએ એને 'યોગીરાજ' હસ્તકની સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં મળેલી સફળતાથી હરખપદૂડા થઈ જવાની જરૂર નથી. ગુજરાતમાં કોંગ્રેસનું સંગઠન નબળું હોઈ ભારતીય જનતા પાર્ટી આયોજનપૂર્વક સત્તા ટકાવી શકે તો કોઈને નવાઈ નહીં લાગે, પરંતુ કોંગ્રેસ પાસે ભાજપ વિરુદ્ધ જે એન્ટિ ઈન્કમ્બન્સીનો મુદ્દો છે તેને પણ નજરઅંદાજ ન જ કરવો જોઈએ. ત્રિવિધ આંદોલનોથી વર્તમાન સરકાર વિરુદ્ધ પ્રજાકીય સ્તરે આક્રોશ સરજાયો છે અને વડાપ્રધાનનો જાદુ પણ પ્રમાણમાં ઘણો જ ઓસરી ચૂક્યો છે. આ બધી જ બાબતોના સરવે ખુદ મોદી અને શાહ પાસે હોવાથી તેઓ ગુજરાતની ચૂંટણીને રાષ્ટ્રીય ચૂંટણી જેટલી ગંભીરતાથી લઈ રહ્યા છે. સામા પક્ષે ફિનિક્ષ પંખીની જેમ રાખમાંથી બેઠી થવા માગતી કોંગ્રેસ પાર્ટી માટે પણ આ ચૂંટણી ભવિષ્યની વિજય ક્રૂચના રિહર્સલ જેવી નીવડી શકે એમ છે. રાહુલ ગાંધીએ કલ્પના બહારનું ગજું કાઢ્યું છે તેનો કોઈ જ ઈનકાર કરી શકે એમ નથી. કોંગ્રેસે પોતાના કોઈ નેતા દ્વારા ભૂલથી પણ વડાપ્રધાન પગની ગરિમાને ન છાજે એવા અપમાનજનક શબ્દો ન ઉચ્ચારાઈ જાય એની કાળજી રાખી છે. આથી મોદી 'ગુજરાતના દીકરા'નું અપમાન ગુજરાતની પ્રજા નહીં સહી લે એવી વાત કરે છે ત્યારે પણ એમને 'ખૂન કે સૌદાગર' કહેવાથી જે સહાનુભૂતિ સાંપડી હતી તે આ ચૂંટણીમાં સાંપડવાની શક્યતા ઘણી ઓછી છે. બલકે મોદીની વિશાળ ફોજ સામે એકલા હાથે ઝઝૂમતા ઈંદિરા ગાંધીના વારસને લોકો વિશેષ લાગણીપૂર્વક સાંભળવા લાગ્યા છે તે હકીકત ગણી સૂચક છે.

ઘૂંટણનો અસહ્ય દુઃખાવો - synovitis

આરોગ્ય-દર્શન
ડો. શ્રીરામ જી વૈદ્ય



આ રોગ માનવીના જીવનમાં લગભગ ૪૦-૫૦ વર્ષની ઉંમર નજીક આવે ત્યારે આ ઘૂંટણનો જાલે છે તેમ આપડે સાદીભાષામાં કહી શક્યે એટલું જ નહિ ભારે પ્રયત્નો પછી ભારે સામના પછી જ આ રોગ પીછેહઠ કરે છે. આયુર્વેદમાં આ રોગને કૌષ્ટુક શીર્ષ કહે છે અને પાશ્ચાત વૈદ્યકમાં 'Knee joint synovitis' કહે છે. આયુર્વેદમાં કૌષ્ટુક શીર્ષ એટલે શિયાળના માથા જેવો આકાર આ રોગના રોગીમાં ઘૂંટણ જોશો તો આયુર્વેદે રોગના નામકરણમાં જે વિશિષ્ટતા બતાવી છે. એનો સ્પષ્ટ ખ્યાલ આવશે. ટૂંકમાં આ રોગના રોગીનાં ઘૂંટણ સૂજીને શિયાળના માથા જેવા આકારનાં બનેલાં હોય છે. વાત અને રક્તની વિકૃતિથી મુખ્યત્વે આ રાગ ઉદ્‌ભવે છે. સુશ્રુતે આ રોગનું વર્ણન વાત વ્યાધિમાં કર્યું છે. પ્રથમ વાતદૃષ્ટિ અને તેના કારણ રક્ત દૂષિત થાય છે અને આ દૂષિત થયેલું રક્ત અને વાયુ સ્ત્રોતોમાં અવરોધ કરીને સોજો અને પીડા ઉત્પન્ન કરે છે. વાયુનો પ્રકોપ માર્ગાવરોધ અથવા ધાતુઓના ક્ષયના કારણે જ થાય છે.

● ઘૂંટમનો સોજો : આ રોગ કયારેક એક પગના ઘૂંટણે થાય છે અને કયારેક બંને પગે અથવા તો ધીમે ધીમે બંને પગે ફેલાયો જાય છે. આ સૂજેલા ઘૂંટણવાળા ભાગ તપાસતાં અંદરના ભાગમાં કોઈ જાડું પ્રવાહી ભર્યું હોય તેમ દબાવતાં ખ્યાલ આવે છે. આયુર્વેદે આમ શબ્દ વાપર્યા છે. જે સાંધાઓ ઉપર છવાયેલો આમનો ખૂબ જ ભારે જથ્થો સૂચવે છે. પગ લાંબો ટૂંકો વખતી દર્દીને ખૂબ જ અઘરું લાગે છે. થોડાં ડગલાં ચાલતાં જ ભારે પીડા થવા લાગે છે. ચાલતું મુશ્કેલ બની જાય, ખૂબ વેદના થવી, સંધીઓમાં કંપ (joint stiffness) અને અંગ વિકૃતિ (deformity) જોવા મળે છે.

માધવ નિદાનકારમાં આ રોગ મુખ્યત્વે વાયુ અને રક્તના વિકાસથી ઘૂંટણમાં અત્યંત વેદનાકારક સોજો ચઢે છે. જેથી તે અવયવ સૂજીને શિયાળના માથા જેવો મોટો થાય છે અને તે ઉપરથી રોગને કૌષ્ટુક શીર્ષ (શિયાળનું માથું) કહે છે. આ રોગીને તપાસતાં પગનાં ઘૂંટણની મૂળા સ્થિતિમાં ફેરફાર તેમજ શ્લેષ્મધરા કલામાં દ્રવ સંચયને કારણે ઉત્પન્ન તરંગો જોઈ શકાય છે. આ સાંધાને વાળી શકાતો નથી. આગળ પાછળ હલાવતાં કર-કર શબ્દ સંભળાય છે. આયુર્વેદે આ રીતે આમની વ્યાખ્યા કરેલી છે. કૌષ્ટુક શીર્ષ એ આમમાંથી જ ઉદ્‌ભવતો રોગ છે.

કારણો : સવથી પહેલું સામાન્ય કારણ છે obesity મેદસ્વી વ્યક્તિને ઘૂંટણના સાંધાનો સાજો થવો તેની સાથે સીધો સંબંધ છે. જેમ શરીરનો મેદ-ચરબી વધારે અને જેમ જેમ સાંધા ઉપર વજન વધુ પડે તેમ તેમ આ સાંધા ઉપર ભારણ વધુ પડે છે.

(ક્રમશઃ)

પોરસ : ભારતીય એકતાની એક પવિત્ર અને ભવ્ય ઐતિહાસિક કથા

મોરપીંછના રંગ
ડો. કનૈયાલાલ ભટ્ટ

ભારતીય ટેલિવીઝનના ઈતિહાસમાં ફરી એક વાર 'મહાભારત' કે 'અશોકા' પછીની ભવ્યાતિભવ્ય સિરિયલ 'પોરસ'તા. ૨૭, નવેમ્બરથી સોની ટી.વી.પર શરું થઈ ચૂકી છે. 'મૈં ઝેલમ હૂં' સંવાદથી આંરભાતી આ કથા જેલમ નદીના તટે આજથી લગભગ ઈ.સ. ૩૫૦ વર્ષ પૂર્વની

સભ્યતાની છે. જેલમ નદી ભારતના આ ભવ્ય ઈતિહાસની સાક્ષી છે. જે સમયે ભારતને સોનાની ચીડિયા માનવામાં આવતો હતો. અનેક વિદેશી તાકતો, સામ્રાજ્યોની બૂરી નજર ભારત દેશ પર મંડરાતી રહેતી હતી

આ 'પોરસ' કથા 'પૌરવરાષ્ટ્ર' અને તેના જાની દુશ્મન 'તક્ષશિલા' વચ્ચેની દુશ્મનાવટથી આરંભાય છે. આ રાજ્યમાં, સભ્યતામાં એક પરંપરા એ હતી કે દર વર્ષે એક 'શત્રુતાનો વાર્ષિકોત્સવ' આયોજિત થતો. જેમાં તક્ષશિલા અને પૌરવરાષ્ટ્રના રાજા આ ઉત્સવની પ્રતિયોગિતામાં ભાગ લેતા. અને જે જીતે તે જેલમ પર થતા વેપારનો અધિકાર મેળવતા. મતલબ વિદેશી વેપારનીતિ તેમના નિયંત્રણમાં રહેતી. પ્રથમ દિવસના પ્રથમ એપિસોડમાં જ આ સ્પર્ધાની વિડીયોગ્રાફી દિલધડક હતી, દૃશ્યો અને ગતિથી આખી કથાને વેગ આપીને એક રોમાંચકપણું ઊભું કરવામાં દિગ્દર્શક સફલ રહે છે. પૌરવનરેશ 'બમની' અને તક્ષશિલાનરેશ 'આંભીરાજ' નો આ સ્પર્ધાત્મક સંઘર્ષ, આંભીરાજ સાથે રહેલી એમની બહેન અનસૂયાની સમજદારી અને વિનંતીથી મહારાજ બમની આંભીરાજનો જીવ તો બચાવે છે પરંતુ આમ છતાંય બન્ને વચ્ચે વેરના બીજ તો વટવૃક્ષ બનવા તૈયાર જ હોય છે. તો વળી અનસૂયાની સમજદારી અને દેશભક્તિ આખી કથાને એક જુદી જ દિશમાં લઈ જતી લાગે છે.

આ સ્પર્ધા પછી ઉત્સવમાં પૌરવરાષ્ટ્રમાં વેપાર કરવા માટેની હરાજી યોજાય છે. જેમાં ચીન, બ્રહ્મદેશ, સુદાન તથા અન્ય દેશોના વેપારી પ્રતિનિધિઓ બમની રાજાને વાર્ષિક કર ચૂકવીને અહીં વેપાર કરવાની મંજુરી મેળવે છે. બધા વેપારીઓનો કુલ કર બે કરોડ સોનામહોર થાય છે. પરંતુ શરુઆતથી જ બીજા દેશનો ધૂર્ત 'ડરાયસ' આ નગરમાં પ્રવેશીને આ સ્પર્ધા અને ઉત્સવ ઉપર પોતાની બાઝ નજર રાખી રહ્યો હોય છે. કેમ કે તે આખું હિન્દુસ્તાન હડપ કરી જવાની ઈચ્છા લઈને અહીં વેપારીના રૂપમાં આવ્યો છે. આ ડરાયસ રાજા બમનીની ભરી સભામાં હરાજી પુરી થયા બાદ જોરથી રાજા બમનીને આ બધા વેપારના બે કરોડને બદલે દસ કરોડ સોનામહોરોની ઓફર કરે છે. બમનીનો મોટો ભાઈ શિવદત્ત લોભી અને ક્રોધી છે તેને આ ઓફર ગમે છે. પરંતુ બમની આંભીરાજનો અભિપ્રાય માગે છે. સભામાં આંભીરાજ પોતાની હારની અગ્નિમાં સળગતો હોવાથી અભિપ્રાય આપી શકતો નથી તો કુંવરી અનસૂયા ઊભી થઈ નીડરતાપૂર્વક આ ઓફર સ્વીકારવાની ના કહે છે. અને બમની અનસૂયાની આ વાત માની ડરાયસની ઓફર ઠૂકરાવે છે. અનસૂયા રાજા બમની સામે બન્ને દેશો વચ્ચેની દુશ્મનાવટ દૂર કરવાનો વિચાર મૂકે છે. કેમ કે તે માને છે કે હિંદુસ્તાનના રાજાઓમાં એકતા નહી હોય તો ગમે ત્યારે વિદેશી રાજાઓ આક્રમણ કરીને પોતાની હકૂમત અહીં સ્થાપિત કરશે.

પૌરવરાજયમાં ઉત્સવ પૂર્ણ કરીને આંભી અને અનસૂયા પોતાના કાફલા સાથે તક્ષશિલા જવા રવાના થાય છે તો વચ્ચે મોટો હુમલો થાય છે અને બમનીનો ભાઈ શિવદત ખુલ્લી તલવાર લઈ આંભી અને અનસૂયાને મારી નાખવા યુદ્ધ કરે છે. પરંતુ બમની આવી જતા આ યુદ્ધ બંધ રહે છે. અને બમની અનસૂયા સમક્ષ પોતાના લગ્નનો પ્રસ્તાવ મૂકે છે જેને અનસૂયા સહર્ષ સ્વીકારી તેની સાથે લગ્ન કરે છે. પરંતું લગ્નને બીજે દિવસે તેને ખબર પડે છે કે બમનીએ પણ તેની સાથે છળ કર્યું છે. પોતાના ભાઈ શિવદતનું આંભીએ કરેલા અપમાનનો આ બદલો હતો. અનસૂયાને મહેલમાંથી કાઢી મૂકવામાં આવે છે. બહાર ડરાયસ અનસૂયાને બદલો લેવા માટે પોતાનું આખું સૈન્ય અને તાકાત આપવાની વાત કરે છે. પરંતુ અનસૂયા ચાલાકીથી તેને રાજા બમની પાસે લઈ જઈ ડરાયસની ચાલ ખૂલ્લી પાડે છે. અને પોતે આ શહેર છોડવાની નથી. એવો દૃઢ નિર્ધાર કરે છે તેથી અનસૂયાને અપમાનજનક રીતે વેશ્યાલયમાં રહેવા મોકલી આપે છે જ્યા તેને એક સ્વપ્ન આવે છે કે તેનું આખું શરીર હવામાં ઊંચે ઊડીને આકાશમાં જાય છે જ્યા તેને સામે સૂર્યનું તેજ અને તેનું શરીર લોખંડનું બનતું અનુભવે છે.

આ કથાની બીજી તરફથી એક નવી કથા શરું થાય છે. જેલમથી પશ્ચિમે હજારો કિલોમીટર દૂર મેસિડોનીયાની સ્વરૂપવાન રાણી 'ઓલિમ્પિયા' ઉપર કેમેરો આવે છે. આ રાણી ગ્રીસની છે પરંતુ શાહ ફિલિપ એને ગ્રીસ જીતીને લાવ્યો છે, તેથી ઓલિમ્પિયા ફિલિપને નફરત કરે છે. ફિલિપ એને પામવા ઈચ્છે છે તો ઓલિમ્પિયા કહે છે કે 'સૂરજ કો મૂઠ્ઠીમેં ભરનેવાલે કે હાથ જલ જાતે હૈ' પરંતુ ફિલિપ ઓલિમ્પિયા સાથે જબરજસ્તીથી શરીર સંબંધ બાંધે છે. અહીંનો આખો પ્રદેશ, અહીંના મહેલો, ઊંચા ઊંચા થાંભલાઓ, છત્રીઓ, વિશાળ સ્ટેચ્યુઓ આજથી અઢી હજાર વર્ષ પહેલાની સભ્યતાને જીવંત કરે છે. અહીં ઓલિમ્પિયાને રાત્રે એક સ્વપ્ન આવે છે કે તેને ચર્ચમાં હજારો કાળા સર્પો શરીરે વિંટળાય છે અને ડંખે છે.

અભિનયની દૃષ્ટિએ જોઈએ તો અનસૂયા, આંભિરાજ, પૌરવરાજ, શિવદત, ડરાયસ સૌ પોતપોતાના પાત્રને ન્યાય આપે છે. ખાસ ધ્યાન ખેંચે છે મેસિડોનિયાની અતિ સ્વરૂપવાન મહારાણી 'ઓલિમ્પિયા' એના અવાજમા રહેલી માદકતા, દૃઢતા, શૌર્યતા, તીખાશ અને આંખોનું તેજ તેના પાત્રને એક ઊંચાઈ બક્ષે છે. મેસિડોનીયાનું જીવન અને ત્યાની પરંપરા ત્યાના પાત્રો દ્વારા રજુ થતું હોવાથી વાસ્તવિક લાગે છે. કેટલાક દૃશ્યો જેવા કે – આંભી અનસૂયા પર હુમલો અને યુદ્ધ, બમની અને અનસૂયાનો વિવાહમંડપ, બ્લ્યું રંગમાં એક નવા જ સ્વર્ગ જેવું વાતાવરણ બનાવી સૌને મૂગ્ધ કરે છે. સુહાગરાતનું દૃશ્ય, એ વખતનું ગીત 'હે રાત યે જાગી સી મહેકી પૂરવાઈ હૈ/પ્રીતમ કી અખિયોં મેં સારી ખુશિયાં સમાઈ હૈ' એકદમ ક્લાસિક અને અર્થપૂર્ણ ગીત છે. તો વળી થોડા સમય માટે જ આવતું વેશ્યાલયનું દૃશ્ય પણ યાદગાર બને છે. ઓલિમ્પિયા એના આવનાર પુત્રનું નામ 'એલેકઝાન્ડર' અને અનસૂયા આવનાર પુત્રનું નામ 'પુરુષોત્તમ' રાખે છે.

આ સિરીયલ હજી ગયા સોમવારે શરું થઈ છે. ઘરમાં બધાને જોવી જોઈએ. ભારતના ભવ્ય ઈતિહાસને દર્શાવતી આ કથા આપણા બાળકોમાં, યુવાનોમાં અને સૌ કોઈના માનસમાં રાષ્ટ્રપ્રેમ અને એક જુસ્સો, નવી ચેતના, નવી ઊર્જા જન્માવશે. દિગ્દર્શનની રીતે સૂઝ અને કલાત્મકતા તથા ભવ્યતા જોવા મળે છે. આ સિરીયલના સૌ કલાકારોને અને આખી ટીમને અને સોની ટીવીને પણ અભિનંદન.

- 9426060601.india@gmail.com

ફિલ્મી વિવાદ : સર્જકે સાવચેત, સમજદાર રહેવું જ જોઈએ ...!!!

રઝળપાટ
અજય ઉપાધ્યાય

સંજય લીલા ભણશાળી વિવાદો માટે ફિલ્મ બનાવે છે કે પછી ફિલ્મ બનાવીને વિવાદ ઉભો કરે છે એ જ નક્કી નથી થતું. 'પદ્માવતી' ના વિવાદે ફરી એકવાર સંજયભાઈની આ મંશા વિષે સવાલો ઉઠવા લાગ્યા છે અને એમાં ફિલ્મની વાર્તા બાબતે કે ફિલ્મમાં વાંધાજનક શું છે એ તો હજુ નક્કી કરવું દૂરની વાત છે પણ દિવસે ને દિવસે જે પ્રમાણે 'પદ્માવતી'ની આસપાસ વિવાદોના વમળો રચાતા જાય છે એના પરથી એક શંકા વધુ મજબુત થતી જાય છે કે શું 'પદ્માવતી' સિનેમાઘરોનો પરદો જોઈ શકશે કે પછી સંજયનું આ સોનેરી શમણું બંધ ડબ્બામાં પુરાઈને જ રહી જશે? પોતાની ફિલ્મ બાબતે ઉઠતા વિવાદો માટે સંજયની મથરાવટી આમેય મેલી છે જ . સંજયની જ ફિલ્મ 'ગોલીયો કી રાસલીલા' વખતે થયેલી બબાલ બહુ જૂની નથી તો 'દેવદાસ' મા શરતચંદ્રનો આત્મા કેટલો દુખી થયો હશે એ તો શરતચંદ્ર જ જાણતા હશે. જો કે 'રાસલીલા' કે 'દેવદાસ' ના વિવાદો એક ચોક્કસ સમય પછી સુલટાવી લેવામાં આવેલા પણ 'પદ્માવતી' નો વિવાદ દિવસે ને દિવસે વધુ વકરતો જાય છે.

છેલ્લા દોઢેક વર્ષથી ચાલતો 'પદ્માવતી' વિવાદ હવે એના નિર્ણાયક તબક્કામાં છે . ફિલ્મ સર્જક તરીકે ફિલ્મ બનાવનારને ફિલ્મ રજુ કરવાનો સંપૂર્ણ હક્ક છે એવું તો સુપ્રીમ કોર્ટ પણ કહી ચુકી છે પણ વાત જ્યાં સુધી અક્કલથી વાપરેલી સર્જનાત્મકતા અને અભિવ્યક્તિની આઝાદીની છે ત્યાં સુધી એમાં સંજયભાઈ નબળા પુરવાર થયા છે અને આ હું નહિ પણ ખુદ સેન્સર બોર્ડના અધ્યક્ષ અને સંસદની આઈટી કમિટીના મેમ્બર્સ પણ કહી ચુક્યા છે . રણવીરસિંગના બેજવાબદાર બયાનથી શરુ થયેલી આ વિવાદની આગમાં અત્યારે તો સંજયની આ મહત્વાકાંક્ષી ફિલ્મ સળગી નહિ જાયને એની બીક છે . એમાયે સંજય જે વિવાદિત દ્રશ્યોને આધારે રજપૂતો આ ફિલ્મને પ્રતિબંધિત કરવાની માંગ કરે છે એના વિષે કોઈ ઠોસ વિગત ન આપીને ફિલ્મને વધુ ને વધુ પબ્લીસીટી મળે એવું કરતો હોય એમ વધુ લાગે છે જો કે ભણશાલી એ એટલી સ્પસ્ટતા કરી કે પદ્માવતી અને ખીલજી વચ્ચેની આવી કોઈ ડ્રીમ સિક્વન્સ ફિલ્મમાં છે જ નહિ પણ એ સાબિત કરવા માટે ફિલ્મનો જે લોકો વિરોધ કરી રહ્યા છે એ કરણી સેનાને હજુ સુધી ફિલ્મ બતાવવા તૈયાર નથી થયો.

ફિલ્મ સર્જકો પૈસા કમાવવા માટે જ ફિલ્મો બનાવતા હોય છે એમાં કાઈ નવું નથી પણ જ્યારે કોઈ ચોક્કસ જાતી કે સમુદાયનું ચિત્રણ થતું હોય ત્યારે સર્જકે વધુ સાવચેત રહેવું પડે છે . સંજયે સેન્સર બોર્ડ સામે એવો જવાબ આપીને આખી વાતને વાળી લીધી કે તેમની ફિલ્મ 'પદ્માવતી' એ ઈતિહાસ નહીં પણ મલિક મોહમ્મદ જાયસીની કવિતા પર આધારિત છે. મલિક મોહમ્મદ જાયસીએ પદ્યાવતી નામની મહાકાવ્યની રચના કરી હતી. આ મહાકાવ્ય રાણી પદ્માવતીની વાર્તા છે. રાણી પદ્માવતીના સૌદર્યથી મોહી પડેલો સુલ્તાન અલાઉદ્દીન ખિલજી ગમે તે ભોગે તેને પામવા માગતો હતો. તેણે ચિત્તાડ પર હુમલો કર્યો હતો. આથી અન્ય રાજપૂત મહિલાઓ સાથે રાણી પદ્માવતીએ પણ આગમાં કૂદીને આત્મવિલોપન કર્યું હતું. પણ જો 'પદ્માવતી' ઐતિહાસિક તથ્યો પર આધારિત ના હોય તો એના બધા જ પાત્રોના નામ ઐતિહાસિક કેમ છે એનો જવાબ સંજયભાઈ પાસે નથી એટલું જ નહિ પણ દોઢેક વર્ષથી ચાલતા વિવાદને સુલજાવી શકાતો હોત એવું પણ સંસદીય સમિતિએ નોંધ્યું છે . એટલું જ નહિ પણ સંજયે વિરોધ કરી રહેલી કરણી સેનાને રીલીઝ પહેલા ફિલ્મ બતાવવાનું વચન આપેલું જે એણે હજુ સુધી નિભાવ્યું નથી એને બદલે મીડિયાના અમુક લોકોને ફિલ્મ બતાવી કે યુકેમાં સેન્સર કરાવવા જેવી વિવાદિત પ્રવૃતિઓ કર્યા કરી છે. ઈરાદો સાફ છે કે ભારતમાં બને એટલી વધુ આ ફિલ્મને પબ્લીસીટી મળે ...! ચાલો એ વાત માની લઈએ કે ફિલ્મ જોયા વગર એનો વિરોધ કરવો યોગ્ય નથી તો આવા સંવેદનશીલ મુદ્દા વખતે જે તે પક્ષકારોને પહેલા ફિલ્મ બતાવવામાં વાંધો શું હોય શકે? અને એ પણ એવે વખતે કે જ્યારે ખુદ સંજય કહી ચુક્યો છે કે ફિલ્મમાં કોઈ જ વાંધાજનક દૃશ્ય નથી . તો પછી બતાવવામાં વાંધો શું છે? એટલે જ સંજયની અગાઉની ફિલ્મોને જોતા આ પબ્લીસીટીની ગેમ વધુ લાગે છે .

પદ્માવતીનો વિવાદ શમે એ પહેલા બીજા બે વિવાદો જન્મ લઈ ચુક્યા છે ..!!! એમાંની પહેલી ફિલ્મ છે ' ગેમ ઓફ અયોધ્યા'. બાબરી મસ્જીદ ડીમોલેશનના બેકડ્રોપમા ચાલતી હિંદુ-મુસ્લિમની લવસ્ટોરી કહેતી આ ફિલ્મ પર એમ કહીને પ્રતિબંધ લગાવવાની વાત આવી છે કે આ ફિલ્મમાં અયોધ્યા અને બાબરીકાંડ વિશેના વાંધાજનક દ્રશ્યો છે, એટલું જ નહિ પણ પ્રતિબંધની માંગ કરનારા તો એમ કહે છે કે એમાં એવુ બતાવાયુ છે કે હિંદુઓએ છળકપટથી અયોધ્યાના રામ મંદિરમાં ભગવાન રામની મૂર્તિ સ્થાપિત કરી હતી. ગેમ ઓફ અયોધ્યા ફિલ્મ ૮ ડિસેમ્બરે રિલિઝ થવાની હતી. સેન્સર બોર્ડે ફીલ્મ પર રોક લગાવી હતી પણ ટ્રિબ્યુનલે તેને મંજુરી આપી દીધી છે. આવું જ કઈક મલયાલી દિગ્દર્શકની ફિલ્મ 'સેક્સી દુર્ગા' સાથે થયું . ગોવા ફિલ્મ ફેસ્ટીવલમાં નામને લીધે પહેલા તો એને બહાર કરી દેવામાં આવી પણ પછી કોર્ટની દખલથી ફેસ્ટીવલમાં બતાવાઈ પણ નામ બદલીને 'એસ.દુર્ગા' કરવું પડ્યું . આવું જ કેક થયું મરાઠી ફિલ્મ 'ન્યુડ' સાથે . ફિલ્મની નાયિકા આજીવિકા માટે ન્યુડ મોડલિંગ કરાવતી હોય છે એને અનુરૂપ ફિલ્મનું ટાઈટલ 'ન્યુડ' બરાબર હતું પણ જ્યુરીને એના નામ સાથે વાંધો પડ્યો, ફિલ્મ અધુરી છે એવા બહાના હેઠળ 'ન્યુડ' ફિલ્મ ફેસ્ટીવલમાં રજુ થઈ શકી નહિ.

સિનેમા એક સર્જનાત્મક અને અભિવ્યક્તિનું માધ્યમ છે પણ એ જ સિનેમા રજુ કરતી વખતે કે અભિવ્યક્ત કરતી વખતે સર્જક પણ સમાજનો એક હિસ્સો જ છે અને સિનેમા એ જ સમાજ વચ્ચે રજુ થવાનું છે એ યાદ રાખવું ઘટે ...! બાકી તરફેણમાં કે વિરોધમાં દલીલો તો અનેક થઈ શકે પણ સમાજ આવી બધી વાતોમાં પરંપરાગત મુલ્યો ધરા